GJVD020106742026

## ફોજદારી કેસ નં. ૯૪૯૩/૨૦૨૬

**-:: આંક-૦૧ લગત હુકમ ::-**

(૧) સદર કામના આરોપી વિરુધ્ધ બી.એન. એસ. કલમ-૨૮૧, ૩૨૪(૫), ૧૨૫(એ) તથા એમ.વી.એકટ ની કલમ- ૧૭૭, ૧૮૪ મુજબ ના શિક્ષા ને પાત્ર ગુન્હા નું ચાર્જશીટ અત્રેની અદાલત માં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુન્હા ના કામે આરોપી હાજર થતાં તેમને બી.એન.એસ.એસ. કલમ-૨૩૦ અન્વયે પોલીસ પેપર્સ ની નકલો આપી આંક-૩ થી પ્લી લેતાં આરોપીએ ગુન્હા ની કબુલાત કરેલ છે તથા આંક-૪ થી ગુન્હા ની કબુલાત કરતી અલાયદી પુરસીસ રજુ કરેલ છે. આરોપીને તેઓની વિરુધ્ધના ગુન્હા ની સજા ની જોગવાઈ ની તથા તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી તેવી સમજ પણ કરવામાં આવેલ છે, છતાં આરોપી ગુન્હો કબુલ કરવા માંગતા હોય આરોપી ની ગુન્હા કબુલાત પુરસીસ રેકર્ડે લેવાનો હુકમ કરવામાં આવેલ છે. સજાના મુદ્દે આરોપીને સાંભળ્યા. આરોપીપક્ષે રજુઆત કરેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુન્હો છે, ગરીબ માણસ છે, તેઓના કુટુંબ ની જવાબદારી તેઓની ઉપર છે અને ભવિષ્ય માં આવો ગુન્હો નહી કરવાની ખાતરી આપી ઓછી સજા કરી રહેમ રાખવા જણાવેલ છે. આમ, આરોપી ની મારી સમક્ષ ની સ્વેચ્છાપુર્વક ની કબુલાત ને આધારે આરોપી ને બી.એન.એસ.એસ. ની કલમ-૨૭૫ અન્વયે તેઓની વિરુધ્ધ ના ગુન્હા સબબ દોષિત ઠરાવવામાં આવે છે અને આરોપી ની રજુઆત તથા કેસના સંજોગો તથા ગુન્હાની ગંભીરતા તથા સ્વરૂપ ધ્યાને લઈ ન્યાય ના હિત માં સજા અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) સદર કામના આરોપી રબીઉલ હોક સન/ઓફ અહાદઅલી મોડંલ, રહે.ગામ રામરા પો.સ્ટ. ગારૈમરી થાના ડમકાલ જી. મુર્શીદાબાદ વેસ્ટ બેંગાલ ને બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૫ અન્વયે બી.એન. એસ. કલમ–૨૮૧, ૩૨૪(૫), ૧૨૫(એ) તથા એમ.વી.એકટ ની કલમ– ૧૭૭, ૧૮૪ ના ગુના સબબ દોષિત ઠરાવી બી.એન. એસ. કલમ–૨૮૧ ના ગુન્હા સબબ રૂ.૧,૦૦૦/–(એક હજાર પુરા) નો દંડ તથા બી.એન. એસ. કલમ–૩૨૪(૫) ના ગુન્હા સબબ રૂ.૧,૦૦૦/– (એક હજાર પુરા) નો દંડ, બી.એન. એસ. કલમ–૧૨૫(એ) ના ગુન્હા સબબ રૂ.૧,૦૦૦/– (એક હજાર પુરા) નો દંડ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭ ના ગુન્હા સબબ રૂ.૧૦૦/– (એક સો પુરા) નો દંડ તથા એમ.વી. એકટની કલમ–૧૮૪ ના ગુન્હા સબબ રૂ.૧૦૦/– (એક સો પુરા) નો દંડ મળી કુલ દંડ રૂ.૩૨૦૦/– (ત્રણ હજાર બસ્સો પુરા) ભરપાઈ કરવાનો તથા જો આરોપી દંડ ના ભરે તો દીન–૧૫ (પંદર) ની સાદી કેદ ની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ લોક અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
વડોદરા

(જયેશકુમાર મુળાજી સોલંકી)
૧૬ મા એડી. ચીફ જ્યુડી. મેજી. વડોદરા
જી. જે. ૦૧૧૫૭

એચ. વિ. જાધવ–સ્ટેનો